ગુજરાત બાળ અધિકાર સંરક્ષણ આયોગ, ગાંધીનગર માટે મંજૂર કરાયેલ હંગામી મહેકમની મુદ્દત વધુ એક વર્ષ લંબાવવા બાબત.

**ગુજરાત સરકાર**
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ
File No.- SJED/MIS/e-file/17/2025/0074/CHH
સચિવાલય, ગાંધીનગર.
તા. /૦૧/૨૦૨૬

**વંચાણે લીધા :-**

(૧) સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના ઠરાવ ક્રમાંક FileNo.- SJED/MIS/e-file/17/2022/3127/CHH Section તા.૧૭/૦૧/૨૦૨૪

(૨) સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના ઠરાવ ક્રમાંક: મકમ/ ૧૦૨૦૧૨/નબા/૭૯૦૮૬/છ, તા.૧૪.૦૫.૨૦૧૩.

(૩) સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના ઠરાવ ક્રમાંક: જજઅ/૧૦૨૦૧૬/૮૦૮૫૧/નબા.૩૯/છ, તા.૦૫.૦૫.૨૦૧૬.

(૪) સચિવશ્રી, ગુજરાત રાજ્ય બાળ અધિકાર સંરક્ષણ આયોગ, ગાંધીનગરનો તા.૫.૧૨.૨૦૨૪નો પત્ર ક્રમાંક: GSCPCR/EST/e-File/400/2022/0006/Registry/355

**આમુખ :-**

ભારત સરકારના ધ કમિશન્સ ફૉર પ્રોટેક્શન ઑફ ચાઈલ્ડ રાઈટ્સ એક્ટ,૨૦૦૫(૨૦૦૬નો ૪થો)ની કલમ-૧૭માં કરવામાં આવેલ જોગવાઈ અનુસાર રાજ્યમાં કમિશન ફોર પ્રોટેક્શન ઓફ ચાઈલ્ડ રાઈટ્સની રચના કરવામાં આવેલ છે. તદઅન્વયે વિભાગના વંચાણે લીધેલા ક્રમાંક: (૨) તથા (૩) ના ઠરાવોથી આવશ્યક મહેકમ મંજૂર કરવામાં આવેલ તથા વખતો વખત મંજૂર થયેલ જગ્યાઓની મુદ્દત વધારવામાં આવેલ છે. સદર જગ્યાઓની મુદત તા.૨૮.૦૨.૨૦૨૬ના રોજ પૂરી થતી હોઈ સચિવશ્રી, ગુજરાત રાજ્ય બાળ અધિકાર સંરક્ષણ આયોગ, ગાંધીનગરના વંચાણે લીધેલા ક્રમાંક: (૪) ના પત્રથી આયોગ ખાતેની કુલ-૪ હંગામી જગ્યાઓના મહેકમની મુદ્દત તા.૨૮.૦૨.૨૦૨૭ સુધી લંબાવવાની દરખાસ્ત કરેલ. સદર દરખાસ્ત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ :-

ગુજરાત રાજ્ય બાળ અધિકાર સંરક્ષણ આયોગ, ગાંધીનગરની નીચે દર્શાવેલ હંગામી જગ્યાઓને વધુ એક વર્ષ એટલે કે તા.૦૧.૦૩.૨૦૨૬થી તા.૨૮.૦૨.૨૦૨૭ સુધી ચાલુ રાખવાની આથી મંજૂરી આપવામાં આવે છે.

| ક્રમ | જગ્યાનું નામ | સંખ્યા |
|---|---|---|
| ૧ | સચિવશ્રી | ૧(એક) |
| ૨ | નાયબ હિસાબનીશ | ૧(એક) |
| ૩ | કલાર્ક | ૨ (બે) |
| | કુલ | ૪ (ચાર) |

આમ, નાણા વિભાગના તા.૨૭/૦૬/૨૦૨૩ ના ઠરાવને ધ્યાને લઈ, ગુજરાત રાજ્ય બાળ અધિકાર સંરક્ષણ આયોગ ખાતે હાલની સ્થિતિએ ઉપર મુજબની કુલ-૪ (ચાર) જગ્યાઓની મુદ્દત તા.૨૮/૦૨/૨૦૨૭ સુધી ચાલુ રાખવાની મંજૂરી આપવામાં આવે છે. ઉપરાંત એબેયન્સમાં મુકવામાં આવેલ જગ્યાઓ ભરતાં પહેલા વિભાગ મારફત નાણા વિભાગ(કરકસર પ્રભાગ) પાસેથી પૂર્વ મંજૂરી મેળવવાની રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ ઉપર નાણા સલાહકારશ્રી (સા.ન્યા) અને સચિવશ્રી (સા.ન્યા) મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

**ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,**

આપનો વિશ્વાસુ
eSD/-
**(હિના પટેલ)**
સેકશન અધિકારી

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

- સચિવશ્રી, ગુજરાત સ્ટેટ કમિશન ફોર પ્રોટેક્શન ઓફ ચાઈલ્ડ રાઈટ્સ, બ્લોક નં. ૧૯, ત્રીજો માળ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાણા સલાહકારશ્રી,(સા.ન્યા.),નાણા વિભાગ, ગાંધીનગર
- નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતું, ગાંધીનગર.
- મહાલેખાકારશ્રી, ગુજરાત, અમદાવાદ/રાજકોટ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- મુકામી તપાસણી અધિકારીશ્રી, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ – વિભાગની વેબસાઈટ પર મુકવાની વિનંતી સહ.
- સિલેક્ટફાઈલ